હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહાર જાવ ત્યારે... કોઈ કાંઈ તમને અમુક જાતનાં માણસ સાથે સરખાવે તો... ખોટું લગાડતા નહીં... અત્યારે ચૂંટણીનો માહોલ ચાલે છે...!!

દ્વારકાથી નિકળેલી 'ગાય-ગૌચર બચાવો યાત્રા' આજે ગાંધીનગરમાં

માલધારી વિકાસ સંગઠનના યુવાનો બાઈક પર રેલી સ્વરૂપે અડાલજ ટહુકાની ચેહર મંદિરે આવશે ત્યાંથી પગપાળા મુખ્યમંત્રીને રજુઆત કરવા પાટનગર આવશે : અટકાયત થાય તેવી સંભાવના

ગાંધીનગર, તા.૨૬

ગાય-ગૌચર બચાવો યાત્રા દ્વારકાથી ગાંધીનગર સુધીની ૧૨૦૦ કિમીન રૂટ કાપીને આવતી કાલે સોમવારે સવારે ૧૦ વાગ્યે અડાલજ ટહુકાની ચેહર મંદિર ખાતે આવશે. સવારે માલધારી વિકાસ સંગઠનના યુવાનો પગપાળા રેલી સ્વરૂપે અડાલજથી ગાંધીનગર મુખ્યમંત્રીને મળવા આવશે અને તેમની વિવિધ ૧૧ માંગણીઓ અંગે મુખ્યમંત્રીને રજુઆત કરશે. જો કે રેલી-સરઘસને મંજુરી ન હોવાથી તમામની અટકાયત થાય તેવી શકયતા છે.

માલધારી વિકાસ સંગઠન દ્વારા દ્વારકાથી બાઈક રેલી કાઢીને ગાય-ગૌચર બચાવો યાત્રા કાઢવામાં આવી છે. આવતી કાલે આ બાઈક રેલી સવારે ગાંધીનગર નજીક અડાલજ ખાતે આવેલા ટહુકાની ચેહર માતાજીના મંદિરે પહોંચશે. માલધારી સમાજની ૧૧ વિવિધ માંગણીઓ છે. આ માંગણીઓનો સ્વીકાર કરવા આ રેલી દ્વારકાથી ગાંધીનગર સુધી લાવવામાં આવી છે. અડાલજ ટહુકાના મંદિરે સવારે ૧૦ વાગ્યે માલધારી વિકાસ સંગઠનના યુવાનો એકત્ર થશે અને ૫૦૦થી વધુ યુવાનો પગપાળા પાટનગરમાં મુખ્યમંત્રીને પોતાની માંગણીઓ સંદર્ભે આવેદન આપવા આવનાર છે તો બીજી તરફ રેલી-સરઘસ અને સભા-સંમેલનને વિધાનસભા સત્ર ચાલુ હોવાથી તંત્ર દ્વારા મંજુરી અપાઈ નથી જેને કારણે આ રેલીને અડાલજથી જ રોકીને અટકાયત કરી લેવામાં આવે તેવા એંધાણ છે.

ગાંધીનગર હોસ્પિટલમાં સ્પેશીયલ રૂમનું વેઈટીંગ કયારે હટશે..?

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવતા દર્દી જ્યારે પણ સ્પેશીયલ રૂમ માંગે ત્યારે સ્પેશીયલ રૂમમાં વેઈટીંગ ચાલે છે. નામ નોંધાવવું પડે છે. તેમજ ખાલી થાય ત્યારે દર્દીને મળે છે. આ સ્પેશીયલ રૂમ હાઉસફુલનું કારણ શું છે. તે કોઈને ખાસ ખબર નહી હોય. પરંતુ હોસ્પિટલના ૧૨ સ્પેશીયલ રુમમાંથી ૨ વીવીઆઈપી માટે બુક રાખવામાં આવે છે. તેમજ અન્ય બાકી રહેલામાંથી પાંચ રુમ કોકલીયર ઈમ્પ્લાન્ટના દર્દીને આપવામાં આવે છે. ત્યારે હોસ્પિટલમાં આવતા અન્ય દર્દીઓના ભાગે માત્ર પાંચ રુમ જ છે. જે

રૂમ મેળવવા માટે દર્દીઓમાં પડાપડી થતી હોય છે.

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવતા હોય છે. જિલ્લાના દર્દીઓ માટે આ હોસ્પિટલ આશિર્વાદરુમ સાબિત થઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારમાંથી દર્દીઓનો મોટા પ્રમાણમાં ધસારો હોય છે. નગરની હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે કેટલાક એવા પણ દર્દીઓ સારવાર માટે આવે છે કે જેઓને સ્પેશીયલની આવશ્યકતા હોય છે. જે પણ કોઈ દર્દી સ્પેશીયલ રુમની ભલામણ કરે કે તેને બીજી સેકન્ડે ના સાંભળવા મળે છે. નામ નોંધાવવું પડે ત્યાર બાદ નંબર આવે ત્યારે સ્પેશીયલ રુમ પ્રાપ્ત થાય ત્યાં સુધીમાં તો દર્દી સાજો થઈને ઘરે પરત ફર્યો હોય છે.

પરંતુ હોસ્પિટલમાં કાર્યરત ૧૨ સ્પેશીયલ રુમ છે. પરંતુ તેમાથી માત્ર પાંચ રુમ હોસ્પિટલ તંત્ર પાસે છે.બે વીવીઆઈપી અને પાંચ કોકલીયર ઈમ્પ્લાન્ટના દર્દીઓ માટે બુક રાખવામાં આવે છે. જેથી આમ દર્દીઓને મુસ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે હોસ્પિટલમાં આવતા દર્દીઓ સ્પેશીયલ રુમમાં વેઈટીંગ ક્યારે હટશે તેની રાહ જોઈને બેઠા છે. જયારે હોસ્પિટલમાં સ્પેશીયલ રુમ મેળવવા હંમેશા અધિકારીઓની ફોનની ઘંટડી રણકતી રહે છે પણ તેઓ પણ રુમ ખાલી ન હોવાથી લાચાર બની જાય છે. ત્યારે તંત્ર દ્વારા આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે. જેથી અન્ય જરુરીયાતવાળા દર્દીઓને સ્પેશીયલ રુમ સરળતાથી મળી શકે.

સર્કિટ હાઉસ ખાતે નરેન્દ્ર મોદી વિચાર મંચના હોદ્દેદારોની બેઠક યોજાઈ

વિચાર મંચના બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ નરેન્દ્રસિંહ ખાચરનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૬

આજે ગાંધીનગર સર્કિટહાઉસ ખાતે નરેન્દ્ર મોદી વિચાર મંચની

ગુજરાત રાજ્યના તમામ જિલ્લાના હોદેદારોની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નરેન્દ્ર મોદી વિચાર મંચના બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ નરેન્દ્રસિંહ ખાચરનું રાષ્ટ્રીય અધ્યક્ષ લતીનભાઈ મહેતા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

નરેન્દ્રસિંહ ખાચર દ્વારા ૨૧૩ બાળકોને દત્તક લેવામાં આવ્યાં છે. આ સાથે અનેક સેવાકીય પ્રવૃત્તિઓને કારણે તેમને સેવાના ભેખધારી તરીકે ઓળખવામાં આવે છે. આ નરેન્દ્રસિંહ ખાચરનું આજે નેરન્દ્ર મોદી વિચારમંચ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે આ કાર્યક્રમમાં મંચના બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ દાદભા રાઠોડનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ મંચના કારોબારી ચેરમેન સિદ્ધાર્થ શુકલાને બિરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે નરેન્દ્ર મોદી વિચાર મંચના હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી વિચાર મંચની પ્રવૃત્તિઓને જનજન સુધી લઈ જવા આગામી વ્યુહરચના અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી.

આવતીકાલે રાજપૂત સમાજનો ૨૦મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૮મી ફેબ્રુઆરીએ વીસમા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નોત્સવમાં ૪૨ યુગલો પ્રભુતામાં પગલાં પાડશે. આ સમૂહ લગ્નોત્સવ સરગાસણ ખાતે આશ્કા હોસ્પિટલની બાજુના મેદાનમાં યોજાશે.

રાજપૂત સમાજ સેવાના સમૂહ લગ્નોત્સવમાં ગુજરાત રાજ્ય વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સમારંભના અધ્યક્ષ પદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ગુજરાત રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના એક્ઝિક્યુટિવ ચેરમેન આઈ.કે. જાડેજા, માર્ગ અને મકાન મંત્રી જયદ્રથસિંહ પરમાર, પાણી પુરવઠા મંત્રી જશાભાઈ બારડ, વિધાનસભા જાહેર હિસાબ સમિતિના ચેરમેન શક્તિસિંહ ગોહિલ તથા કોંગ્રેસના વિધાનસભામાં દંડક બળવંતસિંહ રાજપૂત ખાસ આમંત્રિત મહેમાનપદે ઉપસ્થિત રહેશે. આ સાથે મુખ્ય મહેમાનપદે ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, બિલ્ડર તરૂણભાઈ વર્મા તથા નર્મદા નિગમના એમડી એસ.એસ. રાઠોડ ઉપસ્થિત રહેશે. સમૂહ લગ્નોત્સવમાં સવારે ૭.૧૫ કલાકે ગણેશ સ્થાપન તથા બપોરે ૧૧.૪૧ કલાકે હસ્તમેળાપ જ્યારે સાંજે ૪.૧૫ કલાકે કન્યા વિદાય યોજાશે.

ઉનાવા સ્થિત શેઠ સી.સી.શાહ વિદ્યામંદિરના આચાર્યનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર નજીક આવેલ ઉનાવા ગામની શેઠ સી.સી. વિદ્યા મંદિર શાળાના આચાર્ય ડી.કે. ચૌધરી વયનિવૃત થતા તેમનો વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે શાળા પરિવાર તરફથી તેમને સાકર અને નારીયેળ આપી શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે આચાર્યએ શાળાને રૂ. ૫૧,૦૦૦નું દાન આપ્યું હતું. ઉનાવા ગામના આગેવાનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઉનાવા ગામની સી.સી. વિદ્યામંદિર ખાતે છેલ્લા ૧૬ વર્ષથી આચાર્ય તરીકે સેવા આપતા આચાર્ય ડી.કે.ચૌધરી વય નિવૃત થતા તાજેતરમાં શાળાના પટાંગણમાં તેમનો વિદાય સમારોહ યોજાયો હતો. ડી.કે.ચૌધરી મુળ ગાંધીનગર જિલ્લાના જ માણેકપુરના વતની છે અને વિવિધ ગામની શાળામાં શિક્ષક તરીકે સેવાઓ આપ્યા બાદ પ્રમોશન મળતા આચાર્ય તરીકે ઉનાવા ગામની સી. સી વિદ્યામંદિર ખાતે ફરજ બજાવતા હતા. તેઓ ગાંધીનગર જિલ્લામાં પ્રિન્સીપાલ એસો.માં ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ જે. એસ. પટેલ, પોખરાજ હોસ્પિટલના ચેરમેન નારણભાઈ પટેલ, રાજય પંચાયત પરિષદના ચેરમેન હરીભાઈ ચૌધરી એ ડી.કે.ચૌધરીનું સન્માન પત્ર, સાકર, શ્રીફળ આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.

બ્રહ્માકુમારીઝ, સે-૨૮, ગાંધીનગર ખાતે વિના મુલ્યે આંખોની તપાસનો કેમ્પ

ગાંધીનગર, તા.૨૬

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, શિવશકિત ભવન, ઈન્કવાયરી પાસે, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૭ રવિવારના રોજ સવારે ૮.૦૦ વાગે વિના મુલ્યે આંખોની તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના જાણીતા આઈ સર્જન ડૉ. તેજલ દલાલની ટીમ દ્વારા આ કેમ્પમાં આંખોની તપાસ કરી જરુરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આવનાર સૌએ તેમની પાસે વપરાશ વગર પડી રહેલ જુના ચશ્મા કે ફ્રેમ હોંશે હોંશે સાથે લાવી કેમ્પમાં ગરીબ દર્દીઓ માટે જમા

કરાવ્યા હતા. આ કેમ્પમાં ૭૦ જેટલાં ભાઈ બહેનોના ખુબ જ શાંતિથી અને ધીરજ પૂર્વક દૂરના નંબર, નજીકના નંબર, મોતીયા, વગેરેની ચકાસણી કરવામાં આવી હતી અને જરુર પડે તે ભાઈ બહેનોને કોઈ જાતની ફી વિના સેકટર-૭ ખાતે ડૉ. તેજલ દલાલના તેજ આંખ હોસ્પિટલમાં આવવા જણાવાયું હતું.

આ કેમ્પમાં તપાસ કરવા આવેલ સૌનો વ્યવહાર ભાઈચારા પૂર્વકનો અને પ્રેમાળ હતો. આ પ્રસંગે આંખોની તપાસ કરી રહેલ આંખના ડૉકટરો આંખોના જતન માટે રાજયોગના અભ્યાસને અત્યંત લાભકારી જણાવ્યો હતો. આ પ્રસંગે આંખોની માવજત માટે અનુકુળતાએ સેકટર-૨૮ ખાતેના ધ્યાન કક્ષનો લાભ લેવા રાજયોગિની કૈલાશદીદીએ ખાસ નિમંત્રણ આપ્યું હતું.

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરતા શહેરના વાહન માલિકો પોતાના વાહન ગફલતભરી રીતે હંકારતા અકસ્માત નોંતરે છે. શહેરના ઘ-૧ થી ગ-૧ તરફ બલેનો કાર પસાર થઈ રહી હતી ત્યારે ઉન્યુ પાસેના વળાંક પર અચાનક અન્ય કાર ચાલકે યુ ટર્ન લેતા બંને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બલેનો કાર પલટી મારી ગઈ હતી. જો કે સદભાગ્યે કારમાં સવારનો આબાદ બચાવ થવા પામ્યો છે. બનાવ સ્થળે નાગરિકો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા.

લ્યો હવે આપણા મંદિરો પણ સોલાર વીજળી પેદા કરશે, સિનિયર સિટીઝન માટે ગાડી હશે

ગુજરાતના મહત્વના મંદિરોમાં સોલાર પેનલ નાંખીને વીજળી પેદા કરવાનું સરકારે નક્કી કર્યું છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ મંદિરો માટે સોલાર વીજળી પેદા કરવાની સિસ્ટમ નાંખી આપવામાં આવશે જેથી આ મંદિરોના પ્રકાશ માટે લાઈટ બીલ નહીં ભરવું પડે, મંદિરો સીધી તેમની ઉત્પાદિત વીજળી વાપરી શકશે. એટલું જ નહીં મંદિરોમાં દર્શન કરવા જતા સિનિયર સિટીઝન માટે આ બોર્ડે ઈલેક્ટ્રીક કાર મૂકવાનો પણ વિચાર કર્યો છે ખાસ કરીને આ કાર અંબાજી, ડાકોર, દ્વારકા, સોમનાથ, પાલીતાણા, બેચરાજી પાવાગઢ અને તેના જેવા મોટા મંદિરોમાં મૂકાશે જે દર્શનાર્થીઓને પાર્કિંગ થી મંદિર અને મંદિર થી પાર્કિંગ સુધી લઈ જશે. સરકારના આ બન્ને નિર્ણય સરાહનિય છે. એક તો મંદિરનું ઈલેક્ટ્રિક બીલ ઓછું થશે અને વાહન વ્યવસ્થાથી યાત્રાળુઓને રાહત થશે. સરકારે એક કામ કરવું જોઈએ કે જેથી પોલ્યુશન પણ ઘટી શકે. મંદિરોમાં મળવા પ્રસાદ અને અન્ય પૂજા સામગ્રીમાં વપરાતા પ્લાસ્ટીક પર પ્રતિબંધ મૂકી દેવાની જરૂરિયાત છે. જો આમ થશે તો નાગરિકો અને પ્રાણીઓની સૌથી મોટી સેવા કરી ગણાશે.

રફતાર બદલાઇ છે, વાહનો વધતા જાય છે અને માર્ગો સાંકડા બનતા જાય છે

ગુજરાતની સડકો બે કરોડ વાહનોથી ભરચક...

ગુજરાતની સડકો પર બે કરોડથી વધારે વાહનો દોડી રહ્યાં છે. વાહન વ્યવહાર વિભાગના આંકડા પ્રમાણે ગુજરાતમાં ૨૦૩૬૧૨૯૬ વાહનો નોંધાયેલા છે, જે પૈકી દ્વિચક્રી વાહનોની સંખ્યા ૧.૪૯ કરોડ થવા જાય છે. સૌને પરવડે અને સૌને સરળ પડે તે દ્વિચક્રી વાહન છે. જાણીને નવાઈ લાગશે કે ગુજરાતની સ્થાપના થઈ ત્યારે ૧૯૬૦માં સમગ્ર ગુજરાતમાં વાહનોની સંખ્યા માત્ર ૮૧૩૨ હતી જે હાલ વધીને દોઢ કરોડ જેટલી થવા જાય છે. બીજી તરફ લકઝરી લાઈફ વધતી જાય છે તેથી ફોર વ્હિલરની સંખ્યા પણ વિક્રમગતિએ વધી છે. ગુજરાતમાં ૧૯૯૦માં મોટરકાર માત્ર ૧.૪૧ લાખ હતી જે આજે વધીને ૨૨.૬૦ લાખ થવા જાય છે. સમૃદ્ધ ગુજરાતની આ નિશાની છે. ગુજરાતની વસતી ૬.૫૦ કરોડ છે ત્યારે પ્રતિ એક લાખ વ્યક્તિએ દ્વિચક્રી વાહનોની સંખ્યા ૨૨૯૫૩ થવા જાય છે જે ૧૯૬૦માં માત્ર ૩૯ હતી. વાહનોની રફતારે હાઈવે અને માર્ગોને ભરચક બનાવી દીધા છે. જેટલા માર્ગો ખુલ્લા કરવામાં આવે છે તેટલા વાહનો વધતા જાય છે તેથી હવે પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી. જો પબ્લિક ટ્રાન્સપોર્ટેશન વધારવામાં આવે તો માર્ગો પર પ્રાઈવેટ વાહનોની સંખ્યા ઓછી થઈ શકે છે.

બદલીઓની મોસમ શરૂ થઇ રહી છે...

ગુજરાત સરકારમાં બદલીઓની મોસમ શરૂ થઈ રહી છે. પહેલાં જિલ્લા કલેક્ટરો તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓની સામૂહિક બદલીઓ થવાની છે અને તે બજેટ સત્ર દરમ્યાન થાય તેવું લાગે છે. એ પછી વિભાગોમાં કામ કરતા સેક્રેટરીઓની બદલીઓ થશે એ સાથે જ બોર્ડ-કોર્પોરેશનમાં પણ બદલી માટેની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. ગુજરાતનું બજેટ સત્ર ૩૧મી માર્ચના રોજ પૂર્ણ થશે ત્યારબાદ ભાજપની સરકાર ઈલેક્શન મોડ પર આવશે એટલે એ પહેલાં જિલ્લા અને રાજ્યના વહીવટી તંત્રમાં અનુરૂપ ફેરફારો કરશે. જો કે આ તમામ ફેરબદલની મંજૂરી માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી હાઈકમાન્ડની સલાહ અને સૂચનોને અનુસરે તેમ મનાય છે. ગુજરાતમાં ઉદ્યોગ વિભાગના અધિક મુખ્યસચિવની જગ્યા ખાલી પડે છે, કારણ કે પી.કે.તનેજા આ મહિનાના અંતમાં નિવૃત્ત થઈ રહ્યાં છે સરકાર આ વિભાગનો વધારાનો હવાલો આપે છે કે નવી કોઈ નિયુક્તિ કરે છે તેની રાહ જોવાઈ રહી છે. સરકાર મહત્વના બોર્ડ-કોર્પોરેશનમાં પણ ફેરફાર કરવા ઈચ્છે છે પરંતુ તેમાં રાજકીય વ્યક્તિઓની નિયુક્તિ માટે મૌન છે.

સ્ટેટના ખુદના વિમાન-હેલિકોપ્ટર હોવા જોઇએ...

ગુજરાત સરકારના ખુદના વિમાન અને હેલિકોપ્ટર હોવા જોઈએ, કારણ કે ગુજરાતના લાંબા અંતરને ટૂંકું કરવા માટે હવાઈ સાધનો જરૂરી છે. નેપાળ જેવા દેશમાં ઈન્ટરનલ સફર કરવા માટે ટચુકડા વિમાનો છે તેમ ગુજરાતે પણ તેના સાધનો વસાવવા જોઈએ કે જેથી સુરત થી કચ્છ, અમદાવાદ થી જામનગર, પાવાગઢ થી અંબાજી અને દ્વારકા થી સોમનાથ જઈ શકાય. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હેલિકોપ્ટર સર્વિસ શરૂ કરવા જઈ રહ્યું છે ત્યારે ગુજરાત સરકારે પણ સ્થાનિક મુસાફરોની હેરફેર માટે ટચુકડા વિમાનો ખરીદવા જોઈએ અથવા તો આઉટ સોર્સિંગથી સર્વિસ શરૂ કરવી જોઈએ. એવાં ઘણાં નાના નાના દેશો છે કે જ્યાં ટચુકડા વિમાનો મુસાફરોની હેરફેર કરે છે અને તે પણ સસ્તાદરે સર્વિસ આપે છે. ગુજરાતે પણ સસ્તા દરે આ સર્વિસ આપવી જોઈએ. ઝડપી સર્વિસથી કામની ગતિ વધે છે અને સમયની બચત થાય છે. ગુજરાત સિવિલ એવિયેશન ડિપાર્ટમેન્ટ માત્ર ૨ન-વે, એરપોર્ટ અને હેલીપેડ બનાવીને સંતોષ માને નહીં, તેમાં ચાલી શકે તેવી સર્વિસ શરૂ કરવી જોઈએ અન્યથા આ એરપોર્ટ અને હેલીપેડ પર જંગલી ઘાસ ઉગી જશે અને તે કોઈ કામના રહેશે નહીં.

કેનાલ ટ્રાન્સપોર્ટની જરૂર છે પણ સરકાર ધીમી છે...

ગુજરાતમાં કેનાલ ટુરિઝમ અને ટ્રાન્સપોર્ટની જરૂર છે પરંતુ મલીકરણમાં સરકાર ધીમી છે. કેન્દ્રના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર નિતીન ગડકરીનો આઈડિયા સારો છે પરંતુ ઈનિશિયેટીવ લઈને ગુજરાતે તેની નદીઓમાં અથવા તો નર્મદાની કેનાલોમાં ફેરી સર્વિસ શરૂ કરવી જોઈએ જે માર્ગો પરનો ટ્રાફિક ઘટાડી શકે છે. જો કે પાણીમાં ચાલતા વાહનોનું પ્રદૂષણ થાય નહીં તે માટે સોલાર કે બેટરી ઓપરેટેડ વાહનો વસાવવા જોઈએ. પાણીએ અગત્યનો સોર્સ છે તેથી પાણીનો બગાડ ન થાય તે પણ જોવું પડે. સરકારે પ્લાસ્ટીક કે બીજી ચીજવસ્તુઓ પાણીમાં ફેંકવા પર પ્રતિબંધ મૂકવાનો રહે છે. કેટલાક દેશોમાં વોટર ટ્રાન્સપોર્ટ સિસ્ટમ લાગુ થયેલી છે પરંતુ વાહનોની બનાવટ એવી છે કે મુસાફર પાણીમાં કોઈપણ જાતનો કચરો ફેંકી શકતો નથી. ગુજરાત અને દેશમાં વોટર ટ્રાન્સપોર્ટ માટે આ પ્રકારના વાહનો વસાવવા જોઈએ. બધામાં ગુજરાત પ્રથમ છે તેવું ગાઈ વગાડીને કહેવામાં આવે છે પરંતુ વોટર ટ્રાન્સપોર્ટેશનમાં ગુજરાત કેમ પછાત રહ્યું છે તે સમજાતું નથી.

બુદ્ધિધનને બચાવવાનો આઇડિયાઃ રાજ્યના યુવાનો જ ઇનોવેશન સિટી બનાવે

હાથ ઉંચો કરો અને બસમાં બેસોઃ ક્યાં છે બસ...

હાથ ઉંચો કરો અને બસમાં બેસો એવું ગુજરાત એસટી કોર્પોરેશનનું સૂત્ર છે પરંતુ ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા હજારો મુસાફરોને બસ મળતી નથી. એસટી નિગમના વહીવટદારોની માનસિકતા બદલાતી નથી. અપૂરતી બસ સર્વિસના અભાવે મુસાફરો ખાનગી વાહનોમાં મુસાફરી કરી રહ્યાં છે. સરકાર અમદાવાદ અને ગાંધીનગરને સિસ્ટર સિટી તરીકે ગણે છે પરંતુ સિસ્ટર સિટીમાં પબ્લિક ટ્રાન્સપોર્ટેશન ઝીરો છે. બે શહેરો વચ્ચે ખાનગી વાહનોની દાદાગીરી વધતી જાય છે. મેટ્રોરેલ અથવા બીઆરટીએસ જેવી સર્વિસ થતાં તો વર્ષો નિકળી જશે પરંતુ હાલ જે યાતના મુસાફરો સહન કરે છે તેનો સર્વે કરાવવામાં આવે તો ખબર પડે કે વહીવટી તંત્ર કેટલું કથળ્યું છે. ખાનગી વાહન ભરાય પછી એસટી બસ આવે અને ખાલી દોડે- એ માનસિકતા નથી પણ કોઈને ફાયદો કરવાનો સ્પષ્ટ ઈરાદો છે.

અમારા ૫૬૩૮ કરોડ આપોઃ પાડોશી ભાજપ શાસિત રાજ્યોનો હળહળતો અન્યાય

એક સિટી એવું બનાવો કે જેમાં ઇનોવેશન હોય...

ગુજરાતમાં સરકાર પાસે નવું શહેર બનાવવાની જ્યાં પણ જગ્યા હોય ત્યાં સરકારે એક નવા સિટીનું નિર્માણ કરવું જોઈએ અને તેમાં આપણા ટેકનોક્રેટ યુવાનોને મનફાવે તેમ કરવાની છૂટ આપવી જોઈએ. આપણું બુદ્ધિધન વિદેશમાં જઈને વસ્યું છે ત્યારે હજી વધુ બુદ્ધિધન વિદેશમાં જાય તે પહેલાં સ્ટડી કરીને તૈયાર થયેલા યુવાનોને આ સિટીના નિર્માણનું કામ સોંપી દેવું જોઈએ. સિવિલ એન્જીયનિયર સ્ટુડન્ટ્સ ઈમારતોનું નિર્માણ કરે, મેડીકલ સ્ટુડન્ટ્સ હેલ્થ સેન્ટર બનાવે. એમએડ કે બીએડ સ્ટુડન્ટ્સ એજ્યુકેશનલ ઈન્સ્ટીસ્ટુટનું નિર્માણ કરી શકે છે. ઈલેક્ટિકલ એન્જીનિયર વીજળી, કોમર્સ ગ્રેજ્યુએટ ફાયનાન્સિયલ ઈન્સ્ટીટ્યુટ તેમજ આર્કિટેક્ટ ડિઝાઈનનું કામ કરે. ઓટોમોબાઈલ એન્જીનિયર ઈંધણ રહિત ગાડીઓ બનાવે. એનઆઈડી કે સેપ્ટના સ્ટુડન્ટ્સ તેમના કેમ્પસમાં જે ઈનોવેશન કરતા હોય છે તેવા ઈનોવેશન આ સિટીમાં કરવાની છૂટ આપવી જોઈએ. આ સિટી યુવાનોએ બનાવેલું હશે અને તે યુવાનો માટે હશે. આ પ્રયોગ દેશમાં જ નહીં, વિશ્વમાં પ્રથમ હશે, ચીફ મિનિસ્ટર વિજય રૂપાણી માટે આ એક ઉત્તમ તક છે.

વીજળી સસ્તી કેમ થતી નથી, આ રહ્યું કારણ...

વીજળીમાં સરપ્લસ હોવાનું ગૌરવ કરતી ગુજરાત સરકારમાં વીજળી સસ્તી કેમ થતી નથી તેનું મુખ્ય કારણ ઈલેક્ટ્રિસિટી ડ્યુટી છે. જાણીને નવાઈ લાગશે કે સરકારનો ઉર્જા વિભાગ ઘર વપરાશની વીજળીમાંથી ૧૦૦૦ કરોડ વીજ શુલ્ક લઈ જાય છે, જ્યારે ઉદ્યોગ પાસેથી ૩૮૦૦ કરોડ રૂપિયા પડાવે છે. સરકારના સત્તાવાર આંકડા પ્રમાણે ગયા વર્ષે સરકારે વીજ શુલ્ક પેટે ઘર વપરાશકારો પાસેથી ૯૮૬.૦૫ કરોડ અને ઉદ્યોગો પાસેથી ૩૮૧૮.૦૮ કરોડ રૂપિયા વસૂલ કર્યા છે. જો ગુજરાતમાં સૌથી વધુ વીજળી પેદા થતી હોય તો વીજ શુલ્કની રકમ કેમ ઘટતી નથી તે વિચાર કરવો પડે તેવો વિષય છે. સરકાર તેની પોલિસી એવી બનાવે છે કે જેનાથી ખાનગી વીજ ઉત્પાદકોને જ ફાયદો થાય છે. આપણી રૂફટોપ પોલિસી પણ એવી છે કે જેમાં અગાસી પર વીજળી પેદા કરવા વ્યક્તિને ફરજીયાત ૫૦ ટકા વીજળી ખાનગી સર્વિસ પ્રોવાઈડ પાસેથી ખરીદવાની હોય છે. આવી શરત કે જોગવાઈ દેશના અન્ય કોઈ રાજ્યમાં નથી એકમાત્ર ગુજરાતમાં જ છે.

અત્ર-તત્ર-સર્વત્ર ભાજપ છતાં આપણાં રૂપિયા બાકી...

ગુજરાતની નર્મદા યોજના પેટે આપણે પાડોશી રાજ્યો પાસેથી ૫૬૩૭.૫૬ કરોડ રૂપિયા લેવાના નિકળે છે. કેન્દ્રમાં જ્યારે યુપીએની સરકાર હતી ત્યારે ભાજપના નેતાઓ કોંગ્રેસને આ રૂપિયા વસૂલ કરવા ઢગલાબંધ પત્રો લખતા હતા પરંતુ આજે પાડોશી રાજ્યો કે જેમની પાસેથી આટલી મોટી રકમ લેવાની છે તે રાજ્યો પૈકી મધ્યપ્રદેશ ૩૭૯૮.૧૭ કરોડ રૂપિયા આપતું નથી. મહારાષ્ટ્ર ૧૨૮૧.૦૨ કરોડ આપતું નથી જ્યારે રાજસ્થાન પાસેથી ૫૫૮.૩૭ કરોડ રૂપિયા લેવાના થાય છે. આ ત્રણેય રાજ્યોમાં ભાજપની સરકાર છે છતાં આપણે આ રૂપિયા વસૂલ કરી શકતા નથી.